સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ, વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

**મો.૮૮૬૬૦૬૬૦૬૦**

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

શ્રાવણ સુદ - ૧૨ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

ધીરજ એ કડવી વસ્તુ છે, પરંતુ તેના ફળ હંમેશા મીઠા જ હોય છે!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૬૫ ● તારીખઃ ૨૪.૦૮.૨૦૨૬, સોમવાર ● પાનાઃ૪ ● કિંમત રૂ. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


# મધ્યસત્ર ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટી હારશે તો મારા પર મહાભિયોગ ચાલશેઃ ટ્રમ્પ

**જૂન મહિનામાં તેમના પોર્ટફોલિયોમાં ૧,૦૦૦થી વધુ ટ્રેડ્સનો ખુલાસોઃ મતદારોને જંગી મતદાન કરવા ટ્રમ્પની અપીલ : બીજી તરફ અમેરિકન પ્રેસિડેન્ટના રોકાણ ખાતાઓ દ્વારા બર્કશાયર હથવે, વિઝા અને માસ્ટરકાર્ડ જેવા શેરોમાં કરોડો ડોલરના લે-વેચના સોદા સામે આવ્યા**




વોશિંગ્ટન :

અમેરિકામાં યોજાનારી આગામી મધ્યસત્ર (મિડટર્મ) ચૂંટણીઓ પૂર્વે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. દેશના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરમાં આશંકા વ્યક્ત કરી છે કે જો સપ્ટેમ્બર-નવેમ્બરમાં યોજાનારી મધ્યસત્ર ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટી કોંગ્રેસ (અમેરિકી સંસદ) પરનો પોતાનો દબદબો ગુમાવશે, તો તેમની સામે ઈમ્પીચમેન્ટ (મહાભિયોગ) લાવવામાં આવી શકે છે. તેમણે પોતાના સમર્થકો અને રિપબ્લિકન મતદારોને આ ચૂંટણીને અત્યંત ગંભીરતાથી લેવા અને બેલેટ પર પોતે ઉમેદવાર હોય તે રીતે માનીને મોટી સંખ્યામાં મતદાન કરવા અપીલ કરી છે.

રાજકીય નિવેદનબાજી વચ્ચે ટ્રમ્પના નાણાકીય પોર્ટફોલિયોને લઈને પણ એક મોટો ખુલાસો સામે આવ્યો છે. બહાર આવેલી વિગતો અનુસાર, જૂન મહિના દરમિયાન બજારને અસર કરતી વિવિધ આર્થિક અને રાજકીય ઘટનાઓ વચ્ચે ટ્રમ્પના પોર્ટફોલિયોમાંથી ૧,૦૦૦થી વધુ ટ્રેડ્સ (શેર બજારના સોદા) કરવામાં આવ્યા હતા. આમાં ૫૫૦થી વધુ ખરીદી અને ૪૫૦થી વધુ વેચાણના સોદાઓનો સમાવેશ થાય છે. મુખ્યત્વે બર્કશાયર હથવે, વિઝા અને માસ્ટરકાર્ડ જેવી દિગ્ગજ કંપનીઓમાં પ્રત્યેકમાં ઓછામાં ઓછા ૧ મિલિયન ડોલરના સોદા કરવામાં આવ્યા હતા.

નોંધનીય છે કે, જાન્યુઆરી ૧ થી માર્ચ ૩૧ વચ્ચે ટ્રમ્પના એકાઉન્ટ્સમાંથી ૧,૦૨૬ કંપનીઓ અને ફંડ્સમાં ૩,૬૪૨ સોદાઓ થયા હતા. જ્યારે ૨૦૨૫ના વર્ષમાં કુલ ૨૧,૦૦૦થી વધુ સિક્યોરિટીઝ ટ્રેડ્સ કરવામાં આવ્યા હતા, જેના કારણે તેમના પોર્ટફોલિયોનું મુલ્યાંકન આશરે ૧,૬૦૦ કંપનીઓમાં વિસ્તરીને અંદાજે ૮૫૮ મિલિયન ડોલરે પહોંચ્યું છે. જોકે, આ ટ્રેડિંગ અંગે ઊભા થયેલા હિતોના ટકરાવ (ઈજ્ઞક્ષરહશભર્ક્ષિર ઈંક્ષયિંયિતિ)ના સવાલો પર વ્હાઇટ હાઉસ તરફથી સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ સોદા કોમ્પ્યુટર આધારિત સ્ટ્રેટેજીથી સ્વતંત્ર પોર્ટફોલિયો મેનેજર્સ દ્વારા કરવામાં આવે છે. તેમાં ટ્રમ્પ કે તેમના પરિવારના કોઈપણ સભ્યનો કોઈ સીધો હસ્તક્ષેપ કે ઇનપુટ હોતો નથી.

# શેરબજારમાં 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' પ્રોત્સાહિત કરવા નિયમનકાર સેબીનો મોટો નિર્ણયઃ એક જ ભૂલ માટે બહુવિધ એક્સચેન્જો પરથી વસૂલાતાં દોહરા દંડની પ્રથા નાબૂદ કરવા તરફ પ્રયાણ




**બ્રોકર્સ પરથી નિયમનકારી બોજ ઘટાડવા પેનલ્ટી માળખામાં ધરખમ સુધારો; નાની પ્રક્રિયાગત ક્ષતિઓ માટે 'દંડ'ના બદલે 'નાણાકીય નિરુત્સાહ' વર્ગીકૃત કરાશે અને દંડની જોગવાઈઓની સંખ્યા ૨૩૫થી ઘટાડીને માત્ર ૯૦ સુધી સીમિત કરવાની યોજના**

મુંબઈ:

ભારતીય મૂડીબજારના નિયમનકાર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) દ્વારા શેરબજારમાં કાર્યરત બ્રોકર્સ અને મધ્યસ્થીઓ માટે કારોબાર સુગમતા (Ease of Doing Business) વધારવાના વિઝન સાથે એક મહત્વપૂર્ણ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. નવેસરથી સૂચવવામાં આવેલા સુધારેલા ફ્રેમવર્ક હેઠળ, જો કોઈ બ્રોકર દ્વારા એક જ પ્રકારનું નિયમનકારી ઉલ્લંઘન થયું હોય, તો તેના પર અલગ-અલગ સ્ટોક એક્સચેન્જો (જેમ કે NSE, BSE) દ્વારા અલગ-અલગ કે દોહરો દંડ ફટકારવાની પ્રથા નાબૂદ કરવામાં આવશે. આ પગલાથી મધ્યસ્થીઓ પરનો મોટો નાણાકીય અને વહીવટી બોજ દૂર થશે.

બેવડા દંડની સમસ્યામાંથી મુક્તિ

હાલની વ્યવસ્થા મુજબ, મલ્ટિપલ એક્સચેન્જો પર રજિસ્ટર્ડ અને સક્રિય રહેતા સ્ટોક બ્રોકર્સ જો કોઈ એક જ ભૂલ કે ક્ષતિ કરે, તો તેમને દરેક એક્સચેન્જ તરફથી અલગ-અલગ નોટિસ અને દંડનો સામનો કરવો પડતો હતો. સેબીના નિરીક્ષણ મુજબ આ પ્રક્રિયા અત્યંત જટિલ હોવા સાથે એક જ સુધારાત્મક બાબત માટે અસંગત અને બેવડો દંડ વસૂલતી હતી. નવા દરખાસ્તિત નિયમો હેઠળ, નિયમનકારી ઉલ્લંઘન સામે દંડકીય કાર્યવાહીમાં એકરૂપતા લાવવામાં આવશે જેથી તમામ એક્સચેન્જો પર એક સમાન નિયમ લાગુ પડે.

**દંડની યાદીમાં મોટો ઘટાડોઃ ૨૩૫ પૈકી ૪૦ મુદ્દા તદ્દન રદ**

સુધારાત્મક યોજનાના ભાગરૂપે સેબીએ એક્સચેન્જો દ્વારા લાદવામાં આવતી દંડકીય જોગવાઈઓની વ્યાપક સમીક્ષા કરી છે. અગાઉ અમલમાં રહેલી કુલ ૨૩૫ પેનલ્ટી આઈટમોમાંથી ૪૦ જોગવાઈઓને તદ્દન નાબૂદ કરવાનો પ્રસ્તાવ છે. તે સિવાય ગંભીર અથવા વારંવાર થતા ઉલ્લંઘનો માટે માત્ર ૯૦ મુખ્ય પેનલ્ટી આઈટમો જ જાળવી રાખવામાં આવશે.

**'પેનલ્ટી' શબ્દના બદલે નવી વ્યાખ્યા અને હળવો અભિગમ**

સેબીનું માનવું છે કે તકનીકી અથવા નાની પ્રક્રિયાગત ભૂલો માટે 'પેનલ્ટી' શબ્દનો ઉપયોગ કરવાથી બજારના સહભાગીઓની પ્રતિષ્ઠા પર નકારાત્મક અસર પડે છે. આથી, આવી નાની ભૂલો માટે 'દંડ' શબ્દના બદલે તેને 'નાણાકીય નિરુત્સાહ' (Financial Disincentive) તરીકે વર્ગીકૃત કરવા માટે ૧૦૫ જેટલી આઈટમોમાં ફેરફાર કરાશે. પ્રથમ વખત કે ઓછા પ્રભાવ વાળા ઉલ્લંઘનોના કિસ્સામાં રોકડ દંડના બદલે ચેતવણી કે એડવાઈઝરી આપવાની દિશામાં પણ સેબી વિચારણા કરી રહ્યું છે.

**'સામૂહિક પ્રતિવેદન મંચ' દ્વારા સિંગલ-બિંદુ રિપોર્ટિંગ**

વહીવટી પ્રક્રિયા સરળ બનાવવા માટે સેબીએ ડિજિટલ પ્લેટફોર્મ 'સામૂહિક પ્રતિવેદન મંચ' નો પ્રારંભ કર્યો છે. આ કેન્દ્રિય ટેકનોલોજી આધારિત પ્રણાલી દ્વારા બ્રોકર્સે દરેક એક્સચેન્જમાં અલગ-અલગ રિપોર્ટ સબમિટ કરવાને બદલે માત્ર એક જ જગ્યાએ રિપોર્ટિંગ કરવાનું રહેશે, જે આપોઆપ તમામ એક્સચેન્જો સુધી પહોંચી જશે. આ ડિજિટલ સુધારાથી સમયની બચત થશે અને દસ્તાવેજી ગૂંચવણોમાં મોટો ઘટાડો નોંધાશે.

સેબી, એક્સચેન્જો અને બ્રોકર એસોસિએશનોના પ્રતિનિધિઓ ધરાવતા વર્કિંગ ગ્રૂપની ભલામણોના આધારે તૈયાર કરાયેલું આ નવું માળખું અમલમાં આવતાંની સાથે જ દેશના કેપિટલ માર્કેટમાં પારદર્શિતા વધશે અને રોકાણકારો તેમજ બ્રોકર્સ માટે વધુ સાનુકૂળ વાતાવરણ ઊભું થશે.


# રાંચીના કોકર ઇન્ડસ્ટ્રિયલ એરિયામાં ટાટા ઓટો વર્કશોપમાં ભીષણ આગથી નવ વાહનો બળીને ખાખ



રાંચીઃ ઝારખંડની રાજધાની રાંચીના કોકર ઇન્ડસ્ટ્રિયલ એરિયામાં આવેલ વાસુદેવ ટાટા ઓટો મોટર્સ વર્કશોપમાં રવિવારે વહેલી સવારે ૫:૩૦ વાગ્યાના સુમારે અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠતાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ભયાનક દુર્ઘટનામાં વર્કશોપની અંદર પાર્ક કરવામાં આવેલા નવ જેટલા વાહનો સંપૂર્ણપણે બળીને રાખ થઈ ગયા હતા. પ્રાથમિક તપાસ અને મળતી માહિતી અનુસાર, આ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે, પરંતુ સદનસીબે આ ગંભીર ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. રવિવારની વહેલી સવારે જ્યારે મોટાભાગના લોકો ઊંઘમાં હતા, ત્યારે અચાનક વર્કશોપમાંથી ધુમાડાના ગોટેગોટા અને આગની ઊંચી જ્વાળાઓ નીકળતી જોવા મળી હતી. આસપાસના લોકો અને સિક્યોરિટી ગાર્ડ્સે તુરંત જ ફાયર બ્રિગેડ અને સ્થાનિક પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં તેણે આખા વર્કશોપને પોતાની લપેટમાં લઈ લીધો હતો અને અંદર રહેલા વાહનો સળગવા લાગ્યા હતા. વાહનોમાં રહેલા ઇંધણ અને ફાઇબરના ભાગોને કારણે આગ વધુ ઝડપથી પ્રસરી હતી, જેના પગલે આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં પણ ડરનો માહોલ છવાઈ ગયો હતો.

# પૂર્વોત્તર રાજ્યોને ભારત સાથે જોડતા સંવેદનશીલ 'ચિકન્સ નેક'ને અભેદ્ય બનાવવા કેન્દ્ર સરકારનું મોટું કદમ

**આસામ, બિહાર અને બંગાળના સરહદી વિસ્તારોને સાંકળીને શક્તિશાળી 'ત્રિસ્તરીય સુરક્ષા ઘેરો' રચવામાં આવશેઃ સુકના ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના અધ્યક્ષસ્થાને યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં ઈજાક્ષ, જજઇ, ગુપ્તચર એજન્સીઓ અને રાજ્ય પોલીસ વચ્ચેના તાલમેલથી પૂર્વ સરહદોની અભૂતપૂર્વ કોર્ડનિંગ વ્યુહરચના આખરી ઓપ અપાયો**



નવી દિલ્હી:

દેશના પૂર્વોત્તર ભાગને મુખ્ય ભૂમિ સાથે જોડતા અત્યંત વ્યુહાત્મક અને સંવેદનશીલ સિલીગુડી કોરિડોર (ચિકન્સ નેક)ની રોકટોક વગરની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારે એક મોટો અને ઐતિહાસિક નિર્ણય લીધો છે. પશ્ચિમ બંગાળના પ્રવાસે પહોંચેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દેશની પૂર્વીય સરહદોની વ્યાપક સમીક્ષા કર્યા બાદ આ વિસ્તારને અભેદ્ય કવચ પૂરું પાડવા માટે એક ખાસ 'ટ્રાયંગ્યુલર સિક્યોરિટી ગ્રીડ' (ત્રિકોણીય સુરક્ષા ઘેરો) સ્થાપિત કરવાની જાહેરાત કરી છે. સિલીગુડી નજીક સુકના ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે યોજાયેલી વિશેષ બેઠકમાં દેશની સરહદી સુરક્ષા વ્યવસ્થાને વધુ કડક બનાવવા પર ગંભીર મંથન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સરહદ પર તૈનાત બોર્ડર સિક્યોરિટી ફોર્સ (ઇજાક્ષ), સશસ્ત્ર સીમા બલ (જજઇ), વિવિધ કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓ તેમજ સ્થાનિક પોલીસ અને વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો.

**ત્રણ રાજ્યોના સરહદી વિસ્તારોને સાંકળતું લશ્કરી ત્રિકોણ**

નવી સુરક્ષા યોજના હેઠળ આસામના ધુબરી, બિહારના કિશનગંજ અને પશ્ચિમ બંગાળના ચોપરા ખાતે ત્રણ નવા સૈન્ય મથકો (મિલિટરી ગેરીસન) સ્થાપવામાં આવશે. આ ત્રણેય વ્યૂહાત્મક સ્થળો મળીને એક મજબૂત ત્રિકોણીય ઘેરો તૈયાર કરશે, જે સિલીગુડી કોરિડોરની આસપાસ સુરક્ષા દળોની પહોંચ અને ત્વરિત કાર્યવાહી કરવાની ક્ષમતામાં અનેકગણો વધારો કરશે.


સુરક્ષાની દ્રષ્ટિએ આ ક્ષેત્ર એટલા માટે પણ અતિ મહત્વપૂર્ણ છે કારણ કે સિલીગુડી કોરિડોર નેપાળ, ભૂતાન અને બાંગ્લાદેશ એમ ત્રણ આંતરરાષ્ટ્રીય સરહદોની ખૂબ નજીક આવેલો છે. માત્ર થોડા જ કિલોમીટર પહોળો આ સાંકડો જમીની માર્ગ ભારતના આઠ પૂર્વોત્તર રાજ્યોને દેશના બાકીના હિસ્સા સાથે જોડે છે. આ વિસ્તારમાં કોઈપણ પ્રકારની ઘૂસણખોરી, દેશવિરોધી પ્રવૃત્તિ કે સુરક્ષા ભંગ અટકાવવા માટે 'તીસ્તા પ્રહાર' જેવા લશ્કરી મુહાવરા (સૈન્ય કવાયત) પણ નિયમિત ધોરણે હાથ ધરવામાં આવી રહ્યા છે.

**સરહદી વાડ અને જમીન સંપાદન વિવાદનો ઉકેલ**

આ બેઠક દરમિયાન ગૃહમંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષા સાથે કોઈપણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં. સરહદ પર વાડ બનાવવાની કામગીરી ઝડપી બનાવવા માટે જરૂરી જમીનની ફાળવણી પ્રક્રિયા પણ વેગવંતી બનાવવામાં આવી છે. કેન્દ્રીય સુરક્ષા દળો અને રાજ્ય પોલીસ વચ્ચે રીઅલ-ટાઈમ સિંક્રોનાઈઝેશન લાવવા અને ગુપ્તચર માહિતીના આદાન-પ્રદાનને વધુ સુદ્રઢ બનાવવા માટે એક સહિયારી રૂપરેખા પર કામ શરૂ કરી દેવાયું છે.

# અમેરિકા અને ભારત વચ્ચેનો બહુભાષી વેપાર કરાર આખરી તબક્કામાંઃ કાનૂની મુસદ્દાનું આખરી ઓપ અપાઈ રહ્યો હોવાના રાજદૂત સર્જિયો ગોરના મધ્યસ્થ સંકેત

**બે વિશાળ આર્થિક મહાસત્તાઓ વચ્ચે રૂ. ૫૦૦ અબજ ડોલરના દ્વિપક્ષીય વેપાર લક્ષ્યાંક તરફ ઝડપી પ્રગતિઃ મોટાભાગના નીતિગત મુદ્દા ઉકેલાયા, માત્ર જટિલ ટેકનિકલ કાનૂની ભાષાનું માળખું ઘડવાનું બાકી રહેતાં ટૂંક સમયમાં મોટો આર્થિક કરાર જાહેર થવાની સંભાવના**



નવી દિલ્હી:

વિશ્વની બે સૌથી મોટી લોકશાહી અને આર્થિક મહાસત્તાઓ એવા ભારત અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી બહુપ્રતિક્ષિત વેપાર કરારની વાટાઘાટો હવે તેની આખરી મંજિલ પર પહોંચી ગઈ છે. આ મહત્ત્વપૂર્ણ વ્યાપારી સમજૂતીના સૈદ્ધાંતિક મુદ્દાઓ પૂર્ણ થઈ ચૂક્યા છે અને હાલ બંને દેશોના લીગલ નિષ્ણાતો દ્વારા માત્ર કાનૂની ડ્રાફ્ટિંગ અને તકનીકી શરતોને આખરી સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે.

ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે આ અંગેની મહત્વપૂર્ણ વિગતો આપતાં સ્પષ્ટ કર્યું છે કે દ્વિપક્ષીય વેપારી સમજૂતીનો સૈદ્ધાંતિક હિસ્સો પૂર્ણ થઈ ગયો છે અને હવે માત્ર અંતિમ કાનૂની શરતો જ પ્રક્રિયા હેઠળ છે. બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૧૫ વર્ષ પહેલાં જે ૨૦ અબજ ડોલર હતો તે વધીને હાલ ૨૪૦ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે, અને આગામી સમયમાં તેને ૫૦૦ અબજ ડોલર સુધી પહોંચાડવાનો મહત્ત્વકાંક્ષી લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

આર્થિક નિષ્ણાતો અને વાટાઘાટકારો વચ્ચે વિતેલા કેટલાક મહિનાઓથી આ કરારની વિવિધ જોગવાઈઓ પર સઘન ચર્ચાઓ ચાલી રહી હતી. હજારો ટેરિફ લાઈન્સ (જકાત દરો) અને કૃષિ, આઈટી, મેન્યુફેક્ચરિંગ સહિતના ક્ષેત્રોને સાંકળતા આ જટિલ કરારમાં કાનૂની સુધારા-વધારા ચાલી રહ્યા છે. અમેરિકી વાણિજ્યિક પ્રતિનિધિ મંડળ અને ભારતીય વાણિજ્ય મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ વચ્ચેની સતત બેઠકોને કારણે બંને પક્ષો વહેલી તકે આ કરાર પર આખરી હસ્તાક્ષર કરવા માટે અત્યંત આશાવાદી છે.

ભારત અને યુએસ વચ્ચેની આ ભાગીદારીથી ભારતીય નિકાસકારોને અમેરિકી બજારમાં મોટો ફાયદો થવાની અપેક્ષા છે, તેમજ સેમિકન્ડક્ટર, એડવાન્સ્ડ ટેક્નોલોજી, ઊર્જા અને સંરક્ષણ જેવા ક્ષેત્રોમાં પણ રોકાણોને નવો વેગ મળશે. નવી દિલ્હી અને વોશિંગ્ટન બંને તરફથી કાનૂની પ્રક્રિયાઓને આખરી ઓપ મળતાં જ ટૂંક સમયમાં આ ઐતિહાસિક કરારની વિધિવત જાહેરાત કરવામાં આવશે.


## તંત્રી સ્થાનેથી..

### ઈંધણમાં સરકાર માન્ય ઈથેનોલ

કુડના ભાવ ભડકે બળી રહ્યા છે અને સરકાર કહે છે કે ઈથેનોલ માટે શેરડી અને ખાંડ વાળવાની નીતિને આ ભાવવધારા સાથે કોઈ સંબંધ નથી. સરકારનો આ ખુલાસો માત્ર પોકળ જ નથી, સામાન્ય માણસની સમજનું અપમાન કરનારો પણ છે. ખાંડના ભાવ વધવા પાછળ ઓછું ઉત્પાદન, ખરાબ હવામાન, તહેવારોની માગ અને સંગ્રહખોરી જેવાં બીજાં કારણો હોઈ શકે, પરંતુ ઈથેનોલ માટે લાખો ટન ખાંડ વાળવામાં આવે અને તેની બજારના પુરવઠા પર કોઈ અસર જ ન પડે એવું અર્થશાસ્ત્ર સરકાર કઈ પાઠશાળામાંથી શીખી છે? સરકારના પોતાના આંકડા કહે છે કે ૨૦૨૨–૨૩માં ૪૩ લાખ ટન અને ૨૦૨૪–૨૫માં ૩૪ લાખ ટન ખાંડ ઈથેનોલ માટે વાળવામાં આવી. આ નાનો જથ્થો નથી. દેશના સામાન્ય માણસના વપરાશમાંથી આટલો મોટો જથ્થો બીજી તરફ વાળ્યા પછી બજારમાં પુરવઠો ઘટે તે સ્વાભાવિક છે. ભાવવધારા માટે ઈથેનોલ એકમાત્ર જવાબદાર ન હોય તો પણ તેનો કોઈ જ ફાળો નથી એવું કહેવું અર્ધસત્ય છે અને અર્ધસત્ય ઘણી વાર જૂઠ કરતાં વધુ ખતરનાક હોય છે. ભલે ઈથેનોલ સિવાયના પણ, હવામાનની અસર, સંગ્રહખોરી, માંગ અને પુરવઠા વચ્ચે તફાવત વગેરે કારણો પણ ખાંડ મોંઘી થવા માટે કારણભૂત હોય, મૂળ મુદ્દો એનાથી ખોટો સાબિત થઈ જતો નથી. સવાલ વધુ ગંભીર એટલા માટે બને છે કે સરકાર એક તરફ કહે છે દેશમાં ખાંડની તંગી નથી અને બીજી તરફ દસ લાખ ટન કાચી ખાંડની ડ્યૂટી–ફ્રી આયાત કરવાની ફરજ પડી છે. લગભગ એક દાયકા પછી ભારતે ખાંડ આયાત કરવાનો રસ્તો ખોલવો પડ્યો છે. જો પુરવઠો પૂરતો જ છે તો આ આયાત શા માટે? જથ્થાબંધ ગ્રાહકો પર સ્ટોક મર્યાદા શા માટે? બજાર પર નજર રાખવાની અને સંગ્રહખોરી રોકવાની ધમાધમ શા માટે? સરકારના પોતાના પગલાં જ તેના ખુલાસાની પોલ ખોલી રહ્યા છે. ઈથેનોલ મિશ્રણની નીતિનો હેતુ ખરાબ નથી. પેટ્રોલિયમની આયાત ઘટાડવી, વિદેશી હૂંડિયામણ બચાવવું અને ખેડૂતોને વિકલ્પ આપવો જરૂરી છે. પરંતુ કોઈ પણ નીતિ પવિત્ર ગાય નથી. પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવાનો લક્ષ્યાંક પૂરો કરવા માટે જો રસોડાની ખાંડ મોંઘી કરવી પડે તો સરકારે પોતાની પ્રાથમિકતા ફરી નક્કી કરવી જોઈએ. વાહનના ટાંકા કરતાં દેશના કરોડો પરિવારોની થાળી પ્રથમ આવે. ખાંડ માત્ર ચામાં નાખવાની વસ્તુ નથી. મીઠાઈ, બિસ્કિટ, બેકરી, પીણાં, દૂધની બનાવટોથી લઈને હજારો ખાદ્યપદાર્થોની કિંમત તેની સાથે જોડાયેલી છે. ખાંડ મોંઘી થાય એટલે તેની અસર સમગ્ર ખાદ્ય મોંઘવારીમાં પ્રસરે છે.



## હાલારના હાલહવાલ



# દ્વારકામાં પશુપાલકો સાથે 'પડ્યા પર પાટુ' જેવો ઘાટ: મામલતદાર કચેરીએ ઘાસચારાના પાસ માટે લાઈનો લાગી, બાબુઓ ગાયબ રહેતા ભારે આક્રોશ






**સમય સંદેશઃ જામનગર (બુધાભા ભાટી દ્વારા)**

દ્વારકા જિલ્લામાં હાલ દુષ્કાળ જેવી કપરી સ્થિતિ સર્જાતા માલધારીઓ, પશુપાલકો અને ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. પશુઓ માટે સરકાર દ્વારા ફાળવાતા ઘાસચારાના ટોકન અને પાસ મેળવવા માટે દ્વારકા મામલતદાર કચેરી ખાતે પશુપાલકોની લાંબી કતારો જોવા મળી રહી છે. જોકે, શુક્રવારે (૨૧મી ઓગસ્ટે) મામલતદાર કચેરી ખાતે સરકારી અધિકારીઓની બેદરકારી અને ગેરહાજરીના કારણે પોતાની આજીવિકા છોડીને આવેલા પશુપાલકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

પોતાના પશુપાલન અને ખેતીના કામકાજ પડતા મૂકીને વહેલી સવારથી જ દૂર-દૂરના ગ્રામ્ય વિસ્તારોમાંથી માલધારીઓ કચેરી પરિસરમાં પહોંચી ગયા હતા. ચા-નાસ્તો કર્યા વિના કલાકો સુધી લાઈનમાં ઊભા રહ્યા બાદ પણ બપોરે ૨ વાગ્યા સુધી કામગીરી આગળ ન વધતા લોકોમાં અસંતોષ વ્યાપ્યો હતો. સાંજે ૪:૩૦ વાગ્યા સુધી જવાબદાર અધિકારીઓ કચેરીએ હાજર ન થતાં પશુપાલકોનો રોષ ફાટી નીકળ્યો હતો. પ્રજાના કરવેરામાંથી નિયમિત મોટો પગાર મેળવતા અધિકારીઓ પોતાની ફરજ પર ગેરહાજર રહેતા પશુપાલકોએ સરકારી તંત્રની કારોબારી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. કચેરીની આ અરાજકતાના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ઉચ્ચ કક્ષાએથી જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવે અને નીતિનિયમ મુજબ સમયસર હાજરી સુનિશ્ચિત થાય તેવી માંગ ઉઠી છે.

# મોડપીર મંદિર પાસે ગેરકાયદે દબાણ સામે આક્રોશ: કલેકટર અને DDOને લેખિત-મૌખિક રજૂઆત કરાઈ



**સમય સંદેશ, જામનગર**

જામનગરના આમરા ગામે આવેલા મોડપીર મંદિર નજીક ગેરકાયદેસર દબાણનો મામલો સામે આવ્યો છે. એક વ્યક્તિ દ્વારા મંદિર પાસે દુકાન બનાવવામાં આવતા સ્થાનિક ગ્રામજનોમાં રોષ વ્યાપી ગયો છે. ગ્રામજનો દ્વારા આ દબાણ દૂર કરવા માટે વિરોધ નોંધાવવામાં આવ્યો છે.

ગામના આગેવાન નકુમ સુરેશ સહિતના ગ્રામજનોએ આ દબાણ તાત્કાલિક દૂર કરવા માંગ કરી છે. તેમણે કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી (ઉઉઘ) અને તલાટી મંત્રીને લેખિત તેમજ મૌખિક રજૂઆત કરીને યોગ્ય કાર્યવાહી કરવા અપીલ કરી છે.

ગ્રામજનોએ ચેતવણી ઉચ્ચારી છે કે જો તંત્ર દ્વારા આ ગેરકાયદેસર દબાણ વહેલી તકે હટાવવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આંદોલન અને વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

**વારંવાર લાગતી આગ, સેનિટરી લેન્ડફિલ સાઈટના અભાવે કાયદાકીય કાર્યવાહી**

# GPCB દ્વારા સોલિડ વેસ્ટ ડમ્પિંગ સાઈટ પર પર્યાવરણીય બેદરકારી બદલ નોટિસ

**સમય સંદેશ, જામનગર**

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (ત્રછઈઇ) હેઠળ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપણા હેઠળ રચાયેલી સ્પેશિયલ સેલ દ્વારા જામનગર મહાનગરપાલિકાને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ (અને સુધારેલા નિયમો) ના ઉલ્લંઘન બદલ કારણ દર્શાવો નોટિસ ફટકારવામાં આવી છે.

તા.૧૮/૮/૨૦૨૬ના રોજ ઈશ્યૂ કરવામાં આવેલી આ નોટિસમાં મહાનગરપાલિકા દ્વારા કચરાના નિકાલ અને વ્યવસ્થાપનમાં કરવામાં આવેલી ગંભીર બેદરકારીઓ સામે કડક વલણ અપનાવવામાં આવ્યું છે.

જામનગર મહાનગરપાલિકા સંચાલિત સોલિડ વેસ્ટ ડમ્પિંગ સાઈટ પર વારંવાર બનતી આગની ઘટનાઓ પર પર્યાવરણ વિભાગે ગંભીર નોંધ લીધી છે. પ્રોસેસ કર્યા વગરના બાયોડિગ્રેડેબલ અને પ્લાસ્ટિક કચરાના વિશાળ ઢગલાઓને કારણે ઉનાળા તથા અન્ય ઋતુઓમાં મિથેન ગેસ ઉત્પન્ન થાય છે, જે અચાનક આગ પકડી લે છે.

આ આગના કારણે આસપાસના રહેણાંક વિસ્તારોમાં ઝેરી ધુમાડો પ્રસરે છે, જેનાથી સ્થાનિક નાગરિકોના આરોગ્ય સામે ગંભીર ખતરો ઊભો થાય છે. પર્યાવરણમાં થતા આ પ્રદૂષણને અટકાવવામાં મ્યુનિસિપલ કોર્પોરેશન નિષ્ફળ ગયું હોવાનું નોટિસમાં સ્પષ્ટ જણાવાયું છે. જામ્યુકો દ્વારા નિયમો અનુસાર ખાતરીપૂર્વકનું પ્રોસેસિંગ, કચરાનું વર્ગીકરણ, કંપોસ્ટિંગ અથવા વેસ્ટ-ટુ-એનર્જી પ્લાન્ટનું યોગ્ય સંચાલન કરવામાં આવ્યું નથી. પ્રોપર લીચેટ કલેકશન સિસ્ટમ અને પેરિફેરલ બાઉન્ડ્રી વોલ કે ગ્રીન બેલ્ટ ઊભો કર્યા વગર ખુલ્લામાં કચરો નાખવામાં આવતો હોવાનું સામે આવ્યું છે.

સમિતિએ મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓ પાસે નિર્ધારિત સમયમર્યાદામાં લેખિત ખુલાસો માંગ્યો છે. જો તંત્ર સંતોષકારક જવાબ આપવામાં અથવા પર્યાવરણીય સુધારાત્મક પગલાં લેવામાં નિષ્ફળ જશે, તો તેમની સામે પર્યાવરણ સંરક્ષણ કાયદા હેઠળ કાનૂની કાર્યવાહી તેમજ પર્યાવરણીય વળતર અથવા દંડ ફટકારવાની ચેતવણી આપવામાં આવી છે.

આ નોટિસને પગલે મનપાના સોલિડ વેસ્ટ વિભાગમાં દોડધામ મચી ગઈ છે અને ડમ્પિંગ સાઈટ પર આગ પર કાબૂ મેળવવા તથા વેસ્ટ પ્રોસેસિંગ ઝડપી બનાવવાની દિશામાં કામગીરી શરૂ કરી છે.

# ખંભાળિયા નગરપાલિકા વિસ્તારમાં નબળા કામો છતા બીલોના ચૂકવણા

## કોંગ્રેસ દ્વારા ગાંધીનગર સુધી રજુઆત, જરૂર પડયે ફરીયાદની તજવીજ

**સમય સંદેશ, ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયા પાલિકા વિસ્તારમાં નબળા તથા ઓછી ગુણવત્તાના નિયમ વિરુદ્ધ કામો છત્તા બીલોના ચુકવણા મુદદે કોંગ્રેસ દ્વારા ઉચ્ચ કક્ષાએ રજુઆત કરાઇ છે.જેમાં જરૂર પડે ફરીયાદની પણ તજવિજ શરૂ કરાઇ હોવાનુ જાણવા મળ્યુ છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાની ખંભાળીયા નગરપાલિકા વિસ્તારમાં નબળા કામો તથા નિયમ વિરુદ્ધના કામો માટે જાણીતું છે,ડામર કે સી.સી.રોડ બન્યાના થોડા જ સમયમાં તૂટી જવા ખાડા પડવા તથા ખુદ નગરપાલિકા તંત્ર દ્વારા કોન્ટ્રાકટરને નોટિસો આપવા કાર્યવાહી કર્યાનું તથા કોન્ટ્રાકટરે કામો રીપેર કર્યાનું ચોપડે બોલે છે.

ત્યારે બસ સ્ટેશનથી રેલવે સ્ટેશન જતા રસ્તાના કામમાં નબળી ગુણવત્તા અંગે કોંગ્રેસના અગ્રણી કપિલ ત્રિવેદીની ફરિયાદ થતા મુખ્યમંત્રી કાર્યાલય, ન.પા. નિયામક ગાંધીનગર, પ્રાદેશિક ન.પા. નિયામક તથા પ્રાદેશિક ન.પા.ઈજનેર દ્વારા કામોની ચકાસણી કરવા ગુણવત્તા ચેક કરવા હુકમો થયા હોવાનુ સામે આવ્યુ હતુ. આમ છતાં પણ સ્થાનિક પાલિકા તંત્ર જાણે કઈ અસર ના થઇ હોય તેમ વિવાદ તથા ફરિયાદો વાળા કામોના ગુણવત્તા ચકાસણી કરવા પગલાં લેવાના બદલે બિલો ના તાકીદે ચુકવણા ઉપરથી આવી કડક સૂચના છતાં અપાતા ખંભાળીયા પાલિકાનો વહીવટ મુખ્યમંત્રી કચેરીના વહીવટથી ઉપર હોવાની અનોખી છાપ ઉભી થઇ છે. તો કોંગ્રેસ દ્વારા આ બાબતે મુખ્યમંત્રી કાર્યાલયમાં ફરી રજુઆત કરવા અને જરૂર પડ્યે કોર્ટમાં ફરિયાદ કરવા પણ તજવીજો શરૂ કરી છે.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**
સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.
નોટરીને લગતાં કામ માટે મળો
**અભિજીત જયંતકુમાર દવે**
મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

**જામનગરમાં સીટી સી ડિવિઝન પોલીસ સર્વેલન્સ સ્કોડનો સપાટો**

# શહેરના ૫૮-દિ. પ્લોટ હિંગળાજ ચોક પાસેની અવાવરૂ દુકાનમાંથી ૩.૬૮ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## પ્રોહી-જુગારની બદીને નેસ્તનાબૂદ કરવા આઈજી નિર્લિપ્ત રાય અને પોલીસવડા રવિ મોહન સૈનીની સૂચના બાદ કાર્યવાહી : એક શખ્સ ઝડપાયો ત્રણ વોન્ટેડ




**સમય સંદેશ, જામનગર**

જામનગર શહેરમાં દારૂ-જુગારની પ્રવૃત્તિને ડામવા માટે પોલીસ દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, રાજકોટ વિભાગ, નીલિમ રાય (ઈડ્જ) તથા પોલીસ અધિક્ષક જામનગર ડો. રવી મોહન સૈની (ઈડ્જ) નાઓએ પ્રોહી જુગારના ગુન્હાઓ શોધી કાઢવા સૂચના આપેલ હોય તે અન્વયે નાયબ પોલીસ અધિક્ષક જામ શહેર જયવીરસિંહ ઝાલા સાહેબના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

આજરોજ સીટી સી ડીવી પો.સ્ટે.ના પોલીસ ઇન્સ. એચ.વી.રાઠોડ તથા પો.સબ.ઇન્સ. આર.એલ.કંડોરીયા નાઓની સૂચનાથી સર્વેલન્સ સ્કોડના પોલીસ સ્ટાફ જામનગર સીટી સી ડીવી પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહી-જુગાર અંગે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.હેડ કોન્સ.યુવરાજસિંહ બી. જાડેજા તથા એ.એસ.આઈ. યશપાલસિંહ એ. જાડેજા તથા પો.હેડ કોન્સ. વનરાજભાઈ બી.ખવડ ને સંયુક્ત બાતમી રાહે હકીકત મળેલ કે ૫૮ દિ.પ્લોટ, હિંગળાજ ચોક, ગૌના ગોદામ પાસે આવેલ અવાવરૂ દુકાનમાં ધવલ દિપકભાઈ જાદવ દારૂનો જથ્થો રાખીને વેચાણ કરે છે તેવી ચોક્કસ હકીકતના આધારે રેઈડ દરમ્યાન ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડ બોટલો કુલ નંગ-૬૯ જેની કુલ કિ.રૂ.૩,૬૮,૨૧૭/- ના મુદ્દામાલ સાથે પકડાય જતા જે અંગે પો.હેડ કોન્સ. વનરાજભાઈ ભગુભાઈ ખવડ નાઓએ તેની સામે ધોરણસર થવા ફરીયાદ આપેલ છે અને એ.એસ.આઈ. યશપાલસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા નાઓએ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

પકડાયેલ આરોપી ધવલ દિપકભાઈ જાદવ રહે - ૫૮ દિ.પ્લોટ, હિંગળાજ ચોક, જામનગર.આરોપીનો ગુન્હાહિત ઇતિહાસ.(૧) સીટી એ ડીવી. પો.સ્ટેશન ના ગુ.ર.નં.૦૫૧૭/૨૦૧૯ પ્રોહી કલમ ૬૫(એ)(ઇ), ૮૧, ૯૮(૨) મુજબ,(૨) સીટી સી ડીવી. પો.સ્ટેશન ના ગુ.ર.નં.૦૫૩૧/૨૦૨૩ પ્રોહી કલમ ૬૫(એ)(ઇ), ૮૧ મુજબ,(૩) સીટી એ ડીવી. પો.સ્ટેશન ના ગુ.ર.નં.૦૪૧૭/૨૦૨૫ પ્રોહી કલમ ૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબ.

રમેશ ઉર્ફે રમલો મારૂતી મંગળદાસ હરવાલા રહે.શંકરટેકરી મામાદેવના મંદીર પાસે, જામનગર,યશ મંગે રહે.જામનગર,ભાવીક ઉર્ફે છાબો ભદ્રા રહે. ૫૮ દિ.પ્લોટ, કટારીયા દવાખાના પાસે, જામનગરની શોધખોળ હાથ ધરી છે.

# જામનગરમાં વીજ થાંભલા સામે ખેડૂતોનો ઉગ્ર વિરોધ: સત્યાગ્રહના ત્રીજા દિવસે વધુ એક ખેડૂતની તબિયત લથડી, ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડાયા!



**સમય સંદેશ, જામનગર**

જામનગર જિલ્લાના જોડિયા તાલુકામાં આવેલા વાવડી ગામમાં ખેતીની જમીનમાં વીજ થાંભલા નાખવાની કામગીરી સામે ગ્રામજનો અને ખેડૂતોનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. પોતાની માંગણીઓને લઈને વાવડી ગામમાં જમીન બચાવવા માટે સત્યાગ્રહ છાવણી ઊભી કરીને અન્ન-જળનો સંપૂર્ણ ત્યાગ કરીને આમરણ ઉપવાસ પર બેઠેલા ૭ જેટલા ગ્રામજનો પૈકી વધુ એક આંદોલનકારી ખેડૂતની તબિયત ગંભીર રીતે લથડતાં સમગ્ર વિસ્તારમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. સત્યાગ્રહ આંદોલનના ત્રીજા દિવસે ઉપવાસ પર બેઠેલા મહિપતભાઈ ડાંગર નામના ગ્રામજનની તબિયત અચાનક કથળતાં સત્યાગ્રહ છાવણી પર હાજર અન્ય ખેડૂતોમાં અફરાતફરી મચી ગઈ હતી. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખીને ખેડૂતો દ્વારા તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી.

# કાલાવડમાં ૭૧૫૦ લીટર નકલી દૂધ ઝડપાયુંઃ દૂધની નદીઓ વહી હોય તેવા દૃશ્યો સર્જાયા





**સમય સંદેશ, જામનગર**

કાલાવડ તાલુકાના હરીપર ગામેથી ૭,૧૫૦ લીટર ભેળસેળયુક્ત દૂધનો મોટો જથ્થો ઝડપાયો છે. પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી આશરે ૭,૧૫૦ લીટર ભેળસેળયુક્ત દૂધ, ૧૨૦ કિલો વનસ્પતિ ઘી અને ૧૫ કિલો દૂધ બનાવવાનો પાવડર જપ્ત કર્યો હતો. આ કૌભાંડમાં ૬ શખસની ધરપકડ કરવામાં આવી છે.

જેમાં મેરૂભાઇ વીરાભાઈ ભારાઇ, અરજણભાઇ હમીરભાઇ હુણ, બધાભાઇ બાવનભાઇ ચાવડા, મેરૂભાઇ બધાભાઇ વંશ, રાણાભાઇ

## રાજકોટ રેન્જ ટીમે ૬ શખસને પકડી જથ્થાનો નાશ કર્યો



બટુકભાઇ ભારાઇ, બોધાભાઇ નાથાભાઈ વંશ (તમામ રહે હરીપર ગામ)

ઘટનાસ્થળેથી મોટો જથ્થો મળી આવતા પોલીસે ફૂડ સેફ્ટી વિભાગને જાણ કરાઈ હતી. ફૂડ સેફ્ટી ઓફિસર (ઋજ્ઘ) દ્વારા શંકાસ્પદ દૂધ અને સામગ્રીના સેમ્પલ લેવામાં આવ્યા હતા. ત્યાર બાદ માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણને નુકસાન ન થાય તે રીતે તમામ ૭,૧૫૦ લીટર નકલી દૂધ, વનસ્પતિ ઘી અને પાવડરનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

ઘટનાસ્થળેથી મોટો જથ્થો મળી આવતા પોલીસે ફૂડ સેફ્ટી વિભાગને જાણ કરી સ્થળ પર બોલાવ્યા હતા. ફૂડ સેફ્ટી ઓફિસર (ઋજ્ઘ) દ્વારા શંકાસ્પદ દૂધ અને સામગ્રીના સેમ્પલ લઈને કચેરીએ સીલ કર્યા હતા. ત્યાર બાદ માનવ સ્વાસ્થ્ય તથા પર્યાવરણને નુકસાન ન થાય તે રીતે તમામ ૭,૧૫૦ લીટર નકલી દૂધ, વનસ્પતિ ઘી અને પાવડરનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. જેના કારણે જાણે દૂધની નદીઓ વહેતી હોય તેવા દશ્યો સર્જાયા હતા.

અધિકારીઓ દ્વારા હાલ એ દિશામાં ઊંડાણપૂર્વક તપાસ ચલાવવામાં આવી રહી છે કે આ ઈસમો ભેળસેળયુક્ત દૂધ કેવી રીતે બનાવતા હતા અને કેટલા સમયથી આ ગેરકાયદેસર ધંધો ચલાવી રહ્યા હતા. ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા તમામ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં મેઈન રોડ પર વૃક્ષ ધરાશાયી


**સમય સંદેશ, જામનગર**

જામનગરના દિગ્વિજય પ્લોટ નં.-૧૩ મેઈન રોડ પર આવેલ અંબિકા ડેરીની સામે વૃક્ષ ધરાશાયી થયું હતું. સદ્નશીબેન કોઈ જાનહાની થઈ ન હતી. ફાયર વિભાગને જાણ થતાં ફાયર બિગ્રેડની ટીમે આવી ધરાશાયી વૃક્ષને મેઈન રોડ પરથી હટાવવાની કામગીરી કરાઈ હતી.

# નાણાં રાજ્ય મંત્રી કમલેશ પટેલે જામનગર ખાતે નિર્માણાધીન પોલીસ અધિક્ષકની કચેરી અને મહિલા પોલીસ સ્ટેશનની સ્થળ મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું





## મંત્રીએ અરજદારોની સવલતોમાં વધારો થાય અને ભવનની ગુણવત્તા જળવાય તે અંગે જરૂરી સૂચનો કરી માર્ગદર્શન પૂરું પાડ્યુંઃ રૂ.૨૦૩૬.૪૭ લાખના ખર્ચે આકાર પામનારા અદ્યતન ભવનનું નિર્માણ આગામી જૂન માસ સુધીમાં પૂર્ણ થશે

**સમય સંદેશ, જામનગર**

રાજ્યના નાણાં, પોલીસ હાઉસિંગ, જેલ, સરહદી સુરક્ષા, ગૃહ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, નશાબંધી અને આબકારી વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી કમલેશ પટેલે જામનગર જિલ્લા પોલીસ હેડક્વાર્ટર ખાતે આકાર પામી રહેલી નવીન પોલીસ અધિક્ષકશ્રીની કચેરી તથા મહિલા પોલીસ સ્ટેશનના બાંધકામની સ્થળ મુલાકાત લઈ નિર્માણ કાર્યનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.આ મુલાકાત દરમિયાન ભવનના બાંધકામમાં ગુણવત્તાના ઉચ્ચ ધોરણો સચવાય અને વર્ષો સુધી ટકાઉ તેમજ સુંદર ઈમારત બની રહે તે માટે મંત્રીશ્રીએ ઈજારદારશ્રી સહિત સંલગ્ન અધિકારીઓને સ્થળ પર જ જરૂરી માર્ગદર્શક સૂચનાઓ આપી હતી.

કુલ રૂ.૨૦૩૬.૪૭ લાખના ખર્ચે નિર્માણ પામી રહેલું આ બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર અને ચાર માળનું પરિસર ૮૧૮૩.૪૪ ચોરસ મીટરનો કુલ બિલ્ટ-અપ એરિયા તથા ૭૩૪૮.૩૬ ચોરસ મીટરનો કાર્પેટ એરિયા ધરાવે છે. આ સુસજ્જ ભવનમાં બેઝમેન્ટમાં વિશાળ પાર્કિંગ એરિયા, ગ્રાઉન્ડ ફ્લોર પર રિસેપ્શન, નાગરિક સુવિધા કેન્દ્ર, ટ્રાફિક શાખા, ક.ઈ.ઈ. અને રજિસ્ટ્રી શાખા રાખવામાં આવી છે. પ્રથમ માળ પર પોલીસ અધિક્ષક, નાયબ પોલીસ અધિક્ષક કચેરી, કોન્ફરન્સ રૂમ અને રેકોર્ડ રૂમ, બીજા માળ પર જ.ઘ.ઋ૬, ક.ઈ.ઈ., ઋ૬જ.ક. અને પાસપોર્ટ શાખા, ત્રીજા માળ પર મહિલા પોલીસ સ્ટેશન તથા ચોથા માળ પર જિમ, કેન્ટીન અને રેસ્ટ રૂમ સહિતની આધુનિક સવલતો ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આગામી જૂન માસ સુધીમાં પૂર્ણ થનારા આ ભવનના નિરીક્ષણ સમયે મંત્રીશ્રી સાથે ધારાસભ્ય શ્રી દિવ્યેશભાઈ અકબરી, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ડો. રવિ મોહન સૈની, નાયબ પોલીસ અધિક્ષક શ્રી જયવિરસિંહ ઝાલા, પોલીસ હાઉસિંગ બોર્ડના કાર્યપાલક ઈજનેર શ્રી સંજય પટેલ સહિતના સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર જિલ્લા ખેડૂતો માટે વિવિધ બાગાયતી યોજનાઓ માટે તા.૨૦ સપ્ટેમ્બર સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું રહેશે

## આંબા-જામફળ, ટીસ્યુકલ્ચર ખારેક, નાળિયેરી, ટીસ્યુ લેબ અને નેટહાઉસ જેવા ઘટકોના લાભાર્થે સમયમર્યાદામાં ઓનલાઈન અરજી કરવા ખેડૂતોને અનુરોધ

**સમય સંદેશ, જામનગર**

જામનગર જિલ્લાના ખેડૂત ભાઈઓને વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન બાગાયત વિભાગની વિવિધ યોજનાઓનો લાભ મળી રહે તે હેતુથી સરકાર દ્વારા આઈ-ખેડૂત પોર્ટલ /https://ikhedut.gujarat.gov.in તા. ૨૦ ઓગસ્ટથી ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન અલગ-અલગ ઘટકો માટે પુનઃ ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

જેમાં આંબા તથા જામફળની ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ, ટીસ્યુકલ્ચર ખારેકની ખેતી અને નાળિયેરી વાવેતર સહાય ઘટક માટે તા. ૨૦/૦૮/૨૦૨૬ થી તા. ૨૬/૦૮/૨૦૨૬ સુધી ઓનલાઈન અરજી કરી શકાશે. આ ઉપરાંત, ગુજરાત હોર્ટીકલ્ચર મિશન યોજના અંતર્ગત નવી ટીસ્યુ લેબની સ્થાપના તેમજ ગુણવત્તાયુક્ત બિયારણ અને રોપણી સામગ્રીના ઉત્પાદન, પ્રોસેસિંગ અને સ્ટોરેજ ઘટક માટે તા. ૨૦/૦૮/૨૦૨૬ થી તા. ૩૧/૦૮/૨૦૨૬ સુધી અરજીઓ સ્વીકારવામાં આવશે. જ્યારે નેટહાઉસ તથા એગ્રો ટેક્ષટાઈલ નેટહાઉસ ઘટક માટે તા. ૨૧/૦૮/૨૦૨૬ થી તા. ૨૦/૦૯/૨૦૨૬ સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું રહેશે.

અરજી પ્રક્રિયા અંગે નાયબ બાગાયત નિયામકશ્રીની યાદીમાં જણાવાયું છે કે, ઈચ્છુક ખેડૂતોએ આઈ-ખેડૂત પોર્ટલ પર નોંધણી અને આધાર ઓથેન્ટિકેશન કર્યા બાદ જ ઓનલાઈન અરજી કરવાની રહેશે. નિયત દસ્તાવેજો અપલોડ કરી અરજી કન્ફર્મ કર્યા બાદ તેની પ્રિન્ટ મેળવી ખેડૂતોએ પોતાની પાસે રાખવાની રહેશે. ત્યારબાદ અરજીની પૂર્વ મંજૂરી મળ્યેથી સહી કરેલી પ્રિન્ટ, અસલ બિલ ફાઈલ અને જરૂરી સાધનિક પુરાવાઓ સાથે નાયબ બાગાયત નિયામકની કચેરી, જિલ્લા સેવા સદન-૪, પ્રથમ માળ, રૂમ નં. ૪૮, સુભાષ પુલ પાસે, જામનગર (ફોન નં. ૦૨૮૮-૨૫૭૧૫૬૫) ખાતે જમા કરાવવાના રહેશે.





સરકારમાન્ય આરએનઆઈ ધરાવતું પ્રિન્ટિંગ પ્રેસ

તિર્થ પ્રિન્ટિંગ પ્રેસ

દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક ન્યૂઝ પેપરના સ્વચ્છ અને સમયસર પ્રિન્ટિંગ માટે મળો..

સંપર્કઃ રાજુભાઈ ભાવસાર

88668 68600

# તોફાની ટોળાંને કાબૂમાં લેવા પોલીસને નવા, અદ્યતન શસ્ત્રોથી સજ્જ કરવા જરૂરી



કોમી રમખાણો, વિદ્યાર્થી આંદોલનો કે રાજકીય પક્ષોના ઉગ્ર વિરોધ વખતે ફાટી નીકળતી હિંસાને ડામવા પોલીસને નવા, અદ્યતન શસ્ત્રોથી સજ્જ કરવાની જરૂર છે. નીટ પેપર લીક મુદ્દે કોક્રોચ જનતા પાર્ટી દ્વારા બે-ત્રણ સપ્તાહ પૂર્વે દિલ્હીમાં જંતરમંતર ખાતે જે આંદોલન થયું તેના પરિણામ સ્વરૂપ આખા દેશમાં છાત્ર આંદોલન કે રાજકીય પક્ષની ચળવળને કેવી રીતે કન્ટ્રોલમાં લેવી તે મુદ્દો છોડાયો છે. શાંતિપૂર્ણ આંદોલન એકાએક હિંસક રૂપ ધારણ કરે, પ્રદર્શનકારીઓ પોલીસ પર પથ્થરો ફેંકવા લાગે, આસપાસના વાહનો, ઇમારતોને નુકસાન પહોંચાડે ત્યારે બેકાબૂ ટોળાને અંકુશમાં રાખવાનું કામ ખૂબ કપરું બને છે. દિલ્હી જંતરમંતર ખાતે જે ગડબડી મચી ગઇ તેમાં સ્થાનિક પોલીસ અને રેપિડ એક્શન ફોર્સને પહેલેથી જ તહેનાત કરવામાં આવી હતી. આમ છતાં હિંસાખોરી થઈ, પથ્થરમારો થયો જેમાં કેટલાંક વિદ્યાર્થીઓ ઘવાયા તો તેનાથી વધુ પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયાં.

દાયકા પૂર્વે મુંબઈના રમાબાઈ આંબેડકરનગર ખાતે પોલીસે કરેલા આડેધડ ગોળીબારમાં દસ દલિતોના અપમૃત્યુ થયાં હતાં. ગણેશોત્સવ વખતે એવી જ ઘટનાનું સુરતમાં એક્શન રિપ્લે થયું. ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન કરવા ચોક્કસ રસ્તા પરથી જ સરઘસ કાઢવાના મુદ્દે પોલીસ અને ભાવિકો વચ્ચે નાનું છમકલું થયું હતું. પણ વાત વધી પડતા પોલીસે ગોળીબાર કરવો પડયો અને સાત શ્રધ્ધાળુઓ ત્યાંને ત્યાં ઢળી પડયાં. પરંતુ ભવિષ્યમાં આવી દુર્ઘટના ન ઘટે એ માટે કયા પગલા લેવાવા જોઈએ અને તોફાને ચઢેલાં ટોળાને અસરકારક રીતે સામનો કરી શકાય એ માટે પોલીસ દળને કયા પ્રકારના શસ્ત્રો-વાહનોથી સુસજ્જિત કરવું જોઈએ એની છણાવટ કરવાનું કોઈને સુઝ્યુ નહીં.

સાંકડા રસ્તા પર પાંચ-દસ હજાર માણસોનું ટોળું મરવા-મારવા ઉપર ઉતરી આવ્યું ત્યાં હાથમાં માત્ર દંડૂકો લઈને ઊભેલાં ૧૦૦-૨૦૦ જમાદારો ટોળાંને કઈ રીતે કન્ટ્રોલમાં રાખી શકવાના હતાં? સાઈકોલોજીની દ્રષ્ટિએ જોઈએ તો એકલ-દોકલ માણસ પોલીસની સામે થવાની હિંમત કરી શકતો નથી. પરંતુ હજારો માણસો જ્યાં એક સાથે તોફાને ચઢ્યાં હોય તો સાવ બીકણમાં બીકણ મનુષ્ય પણ એકાદ પથ્થર ફેંકી આવવાનો અટકચાળો કર્યા વિના રહી શકતો નથી. આવું દંગલ ગંભીર સ્વરૂપ પકડે એની પહેલાં જ શાંતિ સ્થાપી દેવી હોય તો ટોળાબાજી તોડયા વિના બીજો કોઈ ઉપાય નથી. એક વખત ટોળું વિખરાવા માંડે ત્યાર પછી તોફાનીઓનું ઝનૂન આપોઆપ ઓસરવા માંડે છે. સામાન્ય રીતે સૌથી પહેલાં ફરજ પરનો પોલીસ અધિકારી માઈક દ્વારા ટોળાંને વિખરાઈ જવાની મૌખિક ચેતવણી આપવાનું મુનાસિબ સમજે છે. તેમ છતાંયે જો દંગલબાજો કાબૂમાં ન આવે તો લાઠીચાર્જનો હુકમ આપવામાં આવે છે. લાકડીઓથી પણ કામ ન થાય તો કોઈક વખત વોટર ટેન્કરમાંથી તોફાનીઓ તરફ પાણીનો જોરદાર (વોટર કેનોન) મારો ચલાવીને તેમને છૂટા પાડવાની કોશિશ કરવામાં આવે છે. આ તુક્કો પણ નિષ્ફળ નિવડે તો ટિયરગેસ (અશ્રુવાયુ)ના શેલ ફોડીને ટોળામાં અંધાધૂંધી ફેલાવવાનો પ્રયાસ સુરક્ષા દળો કરે છે. એક જમાનામાં આ કિમિયો લગભગ સફળ નીવડતો હતો. પરંતુ આજકાલના તોફાનીઓ તો ટિયરગેસને પણ ગાંઠતા નથી. છેવટના ઉપાય તરીકે પોલીસે ફાયરીંગનો આશરો લેવો પડે છે. અલબત્ત, ગોળીબાર કરતાં પહેલાં તેમ કરવાની મૌખિક સૂચના પણ આપવામાં આવે છે અને હવામાં એકાદ-બે રાઉન્ડ ફાયર પણ કરવામાં આવે છે. ત્યારબાદ જ બંદૂકનું નાળચું તોફાનીઓ તરફ ફેરવવામાં આવે છે. બને ત્યાં સુધી પગમાં જ ગોળી મારવી એવો શિરસ્તો છે. જો કે લાશો જરૂર પડે છે અને મોટે ભાગે નવાણિયા જ કુટાય છે. કારણ કે બુલેટ પર કોઈ ચોક્કસ તોફાનીનું નામ લખેલું હોતું નથી.

**સમય સંદેશ સ્પેશિયલ**

સામાન્ય રીતે તોફાની ટોળાને કાબુમાં રાખવા પોલીસ શરૂઆતમાં સંરક્ષણાત્મક પગલાં લે છે. અર્થાત દેખાવકારોને કોઇ ઇજા ન થાય, મામલો વધુ બીચકે નહીં તેની તદેકારી લેવાય છે. આ સુરક્ષા કર્મચારીઓ મોટે ભાગે હાઇ ઇમ્પેક્ટ રાયટ હેલ્મેટ, પારદર્શક વાઇઝર, નેક ગાર્ડથી સજ્જ હોય છે. જેથી ચળવળકરનારાના પથ્થર મારા સામે જાતને બચાવી શકાય. ઉપરાંત દરેક પોલીસ ખૂબ જ ટકાઉ પોલીકાર્બોનેટ શિલ્ડ (ઢાલ), ગેસ ગન તથા બોડી પ્રોટેક્ટર આપવામાં આવે છે. આંદોલનના સ્થળે ફરજ બજાવતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ પાસે (તેમની રેન્ક મુજબ) પિસ્તોલ, સેલ્ફ લોડિંગ રાયફલ અથવા એ.કે.-૪૭ હોય છે. અલબત્ત, આવા ઘાતક હથિયારનો ઉપયોગ આંદોલન ખૂબ જ ઉગ્ર- હિંસક સ્વરૂપ ધારણ કરે ત્યારે જ ઉપરી અધિકારીના આદેશ પછી કરી શકાય છે.

ભૂતકાળ પર દ્રષ્ટિ કરીયે તો હિંસા પર ઉતરી આવનાર ટોળાંને વિખેરી નાખવા સારું રસાયણનો ઉપયોગ કરવાની શરૂઆત આ સદીની શરૂઆતમાં થઈ હતી. લગભગ ૮૦-૯૦ વર્ષ પહેલાં ફ્રાન્સમાં પોલીસ ખાતાએ હુલ્લડબાજો પર ઈથાઈલ બ્રોમોએસીટેટ નામના રસાયણના ગોળા વરસાવવાનો કિમીયો અજમાવ્યો હતો. ત્યાર પછી ૧૯૨૮માં કાઉલસન અને સ્કાઉટન નામના વિજ્ઞાનીઓએ ઓર્થો અને ક્લોરોબેંઝલ મૈલાનના ઈટ્રાઈલ નામના રસાયણોનું સંમિશ્રણ કરીને અશ્રુવાયુ બનાવ્યો હતો. એને 'સીએસ' ના ટૂંકા અક્ષરે ઓળખાવવામાં આવ્યો. આપણે ત્યાં સીએસનો પહેલવહેલો પ્રયોગ ૧૯૫૮માં થયો હતો. બીજા વિશ્વયુદ્ધ બાદ સીએસનો ઉપયોગ ઘણો વધી ગયો હતો. પરંતુ ધીરે ધીરે તોફાનીઓએ 'સીએસ' નો સામનો કરવાના નુસખા ખોળી કાઢ્યા એટલે વિજ્ઞાનીઓને ગોળા (શેલ) માં નવું રસાયણ વાપરવાની ફરજ પડી. ૧૯૭૧માં ક્લોરોએસીટોફીનોનનો પ્રયોગ કરવામાં આવ્યો. તેનું ટૂંકુ નામ સીએન રાખવામાં આવ્યું.

અશ્રુગેસ ચાર પ્રકારના હોય છે. જલન પેદા કરે તેવો, ધડાકા સાથે ફાટે તેવો, ધૂમાડો ફેલાવે તેવો અને પ્રવાહી સાથે ભળી જાય તેવો. અશ્રુવાયુને ટોળા સુધી પહોંચાડવા માટે કાં તો તેને ગોળામાં ભરવામાં આવે છે અથવા તો એમ કે -૩ પ્રકારના ગ્રેનેડને તેનું વાહન બનાવવામાં આવે છે. લોંગરેન્જ શેલ ૧૩૫ મીટર દૂર સુધી પહોંચી શકે છે. આ શેલને ૩૭ મીલીમીટરનું નાળચું ધરાવતી ગેસ ગનમાંથી છોડવામાં આવે છે. શોર્ટરેન્જ શેલ ૯૦ મીટરનું અંતર જ કાપી શકે છે. શેલ જમીન પર અથડાતા જ તે તેમાંથી અશ્રુવાયુ બહાર નીકળે છે અને આસપાસ ઊભેલાં લોકોને આંખમાં બળતરા થવા માંડે છે. એમકે-૩ ગ્રેનેડને હાથેથી પણ ફેંકી શકાય છે અથવા રાયફલ દ્વારા પણ દાગી શકાય છે. આ ગ્રેનેડ પડે ત્યાં ૪૦થી ૬૦ સેકન્ડ માટે અશ્રુગેસનું સામ્રાજ્ય છવાઇ જાય છે.

થ્રીવે ગ્રેનેડ જમીન સાથે અથડાતા તેના ત્રણ હિસ્સા પડી જાય છે. ત્રણેય હિસ્સા વારાફરતી અશ્રુગેસ ઓકી કાઢે છે એટલે તેનો પ્રભાવ વધારે સમય સુધી વર્તાય છે. ડયૂલ શેલ ૧૦૦ મીટર સુધી પહોંચવાની હેસિયત ધરાવે છે. પણ જમીન પર પછડાતા અગાઉ હવામાં જ એ બે ભાગમાં વહેંચાય જઈને અશ્રુ ગેસ ફેલાવે છે. ટુ ઈન વન શેલની કરામત જરા અલગ છે.ગેસ ગન મારફતે છોડવામાં આવે તો આ સેલના પણ હવામાં જ બે ભાગ પડી જાય છે. એક ભાગમાંથી અશ્રુગેસ નીકળે છે અને બીજો ભાગ ધડાકાભેર ફાટે છે. કાન ફાડી નાખે તેવો ધડાકો જો કે હુલ્લડખોરોને બીવડાવવા માટે જ છે.

૩૦૩ રાયફલ અને એસએલઆરમાંથી છોડી શકાતા ગ્રેનેડને પ્લાસ્ટિકનું કવર કઢાવવામાં આવ્યું હોય છે અને તેમાં વધુ માત્રામાં અશ્રુગેસ સમાઈ શકે છે. વીઆઈપીની સુરક્ષામાં પરોવાયેલા વિશિષ્ટ પ્રકારની પેનગન રાખે છે. આ ગનમાં અશ્રુગેસે ભર્યો હોય છે. અને હાથેથી જ તેને છથી આઠ ગજ દૂર ફાયર કરી શકાય છે. જેમ્સ બોન્ડના પિક્ચરોની હિરોઈનોને ગુંડાઓથી બચવા માટે સ્પ્રેનો ઉપયોગ કરતી તમે કદાચ જોઈ હશે. 'સ્પાડ' નામે ઓળખાતા આ સ્પ્રેનું આખું નામ સેલ્ફ પ્રોટેક્શન એરોસોલ ડિવાઈસ છે. છ થી આઠ ફૂટ દૂર રહેલાં દુશ્મનની આંખમાં બળતરાં પેદા કરવા માટે તેનો ઉપયોગ થાય છે.

# જામનગરમાં CCTVથી વાહનચાલક ઝડપાયો: કારમાંથી બ્લેક ફિલ્મ હટાવી, દંડ કરાયો





**સમય સંદેશ, જામનગર**

જામનગરમાં પોલીસની સીસીટીવી સર્વેલન્સ (નેત્રમ) ટીમે એક મોટરકારને કાળા કાચની ફિલ્મ સાથે ઝડપી પાડી હતી. સીસીટીવી ફૂટેજના આધારે વાહનચાલકને શોધી કાઢી, કાર પરથી બ્લેક ફિલ્મ દૂર કરાવી અને દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.

જિલ્લા પોલીસવડા ડો. રવિ મોહન સૈની, પોલીસ હેડક્વાર્ટરના ડીવાયએસપી વી.કે. પંડ્યા અને શહેર ડીવાયએસપી જે.એન. ઝાલાની સૂચનાથી સીસીટીવી સર્વેલન્સ ટીમ અને ટ્રાફિક શાખાને કાળા કાચવાળા વાહનો સામે કાર્યવાહી કરવા આદેશ અપાયો હતો. આ સૂચનાના અનુસંધાને જામનગરના વિવિધ માર્ગો પર સીસીટીવી કેમેરા દ્વારા વાહનો પર નજર રાખવામાં આવી રહી હતી. આ દરમિયાન GJ10 DR 2141 નંબરની એક કારના કાચ પર ડાર્ક ફિલ્મ લગાવેલી હોવાનું સીસીટીવી સર્વેલન્સમાં જણાયું હતું. પોલીસે વિવિધ એપ્લિકેશન અને સર્વેલન્સની મદદથી કારના ચાલક અને માલિકની વિગતો મેળવી તેમને બોલાવ્યા હતા.

પોલીસે સ્થળ પર જ કારના કાચ પરથી કાળી ફિલ્મ તાત્કાલિક દૂર કરાવી હતી અને વાહનચાલક સામે દંડનીય કાર્યવાહી કરી હતી. પીએસઆઈ બી. બી. સિંગલની નેત્રમ ટીમ અને ટ્રાફિક શાખાના પી.આઈ. એસ. વી. ચૌધરીના સ્ટાફ દ્વારા સંયુક્ત રીતે જામનગર શહેર અને જિલ્લામાં ડાર્ક ફિલ્મવાળા વાહનો સામે વિશેષ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. સીસીટીવી કેમેરાની મદદથી આવા વાહનોને ઓળખી સ્થળ પર અથવા પોલીસ સ્ટેશન બોલાવી કાયદેસરની કાર્યવાહી કરાઈ રહી છે.

# જામજોધપુર પંથકમાં ફરી દીપડો દેખાયો, વીડિયો વાયરલઃ ગ્રામજનોમાં ભય, વનવિભાગે લોકેશન ટ્રેસ કરી પાંજરું મૂકવા તજવીજ કરી





**સમય સંદેશ, જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર પંથકમાં ફરી એકવાર દીપડો દેખાયો છે. દીપડો દેખાયો હોવાનો દાવો કરતો એક વીડિયો સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થયો છે, જેના કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે.

આ વીડિયો સામે આવ્યા બાદ સમગ્ર વિસ્તારના ગ્રામજનોમાં ચિંતા વ્યાપી ગઈ છે. રાત્રિના સમયે ખેતરો કે રસ્તાઓ પર નીકળતા લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. પંથકમાં દીપડાની વારંવારની અવરજવરને કારણે માલધારીઓ અને ખેડૂતો પોતાના પશુઓની સુરક્ષાને લઈને ચિંતિત બન્યા છે.

સ્થાનિકોએ આ અંગે વન વિભાગને જાણ કરી છે. વાયરલ વીડિયોના આધારે લોકેશનની ચકાસણી કરીને તાત્કાલિક પાંજરું મૂકવા અને યોગ્ય પેટ્રોલિંગ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગણી કરવામાં આવી છે.

# જામનગરની આયુષ હોસ્પિટલ દ્વારા ૨૩ ઓગસ્ટે ઐતિહાસિક 'પિંકાથોન ૨૦૨૬'

## સંપન્ન; બ્રેસ્ટ કેન્સર જાગૃતિ સાથે કેન્સર વિજેતાઓનું ભવ્ય સન્માન



**આરોગ્ય અને સામાજિક જાગૃતિના ક્ષેત્રે જામનગર તથા સમગ્ર હાલાર પંથક માટે એક ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક પહેલ સફળતાપૂર્વક સંપન્ન થઈ છે. આ અંગે આયુષ હોસ્પિટલના બ્રેસ્ટ કેન્સર સર્જન ડૉ. શુભોજીત દત્તાએ જણાવ્યું કે મહિલાઓમાં ચિંતાજનક રીતે વધી રહેલા સ્તન કેન્સર સામે સામાજિક જાગૃતિ ફેલાવવા, નિયમિત તપાસની ટેવ કેળવવા અને કેન્સરને મ્હાત આપનાર મહિલાઓના સન્માન અર્થે ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ આયુષ કેન્સર હોસ્પિટલ દ્વારા આયોજિત 'પિંકાથોન ૨૦૨૬'માં ૩૫૦થી વધુ દર્દીઓ અને તેમના સગા-વ્હાલાઓની વિશાળ ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે જામનગરના મેયરશ્રી શ્રી મોનિકાબેન વ્યાસ તથા જામનગર શહેર ભાજપ અધ્યક્ષ શ્રી બીનાબેન કોઠારીના હસ્તે દર્દીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉત્સાહભેર સંપન્ન થયેલું આ ભવ્ય જનજાગૃતિ અભિયાન જામનગર તથા સમગ્ર પંથકના આરોગ્ય ક્ષેત્રે એક નવું સીમાચિહ્ન સાબિત થયું છે.**

ભારતમાં મહિલાઓમાં જોવા મળતા તમામ પ્રકારના કેન્સરમાં સ્તન કેન્સરનું પ્રમાણ સૌથી વધુ નોંધાઈ રહ્યું છે. બ્રેસ્ટ કેન્સરની વહેલી ઓળખ અને યોગ્ય સારવાર અંગે ડૉ. શુભોજીત દત્તાએ જણાવ્યું કે આધુનિક જીવનશૈલી, અનિયમિત આહાર અને તણાવપૂર્ણ દિનચર્યા વચ્ચે ઘણી મહિલાઓ સામાજિક સંકોચ અથવા માહિતીના અભાવે શરૂઆતી લક્ષણોની અવગણના કરે છે.

પિંકાથોનમાં હંસાબેન સોઇગામા, અનુબેન સંઘાણી અને રોશનબેન શેખ સહિત બ્રેસ્ટ કેન્સરની સારવાર લઈ સ્વસ્થ થયેલી અનેક મહિલાઓ વિશેષરૂપે ઉપસ્થિત રહી હતી. તબીબી નિષ્ણાતોના મતે જો બ્રેસ્ટ કેન્સરનું પ્રથમ તબક્કે જ નિદાન થઈ જાય તો દર્દી સંપૂર્ણપણે સાજો થઈ સામાન્ય જીવન જીવી શકે છે. આ ગંભીર બીમારી સામેનો ભય દૂર કરી સમાજમાં સકારાત્મક માહોલ

### જાગૃતિનો સંદેશ, એકતાની શક્તિ

ઊભો કરવાના સંકલ્પ સાથે પિંકાથોનનું ભવ્ય આયોજન સંપન્ન કરાયું હતું.

સ્ત્રીરોગ સંબંધિત કેન્સરમાં સમયસર નિદાન અત્યંત મહત્વનું હોવાનું ગાયનેક કેન્સર સ્પેશિયાલિસ્ટ અને આયુષ હોસ્પિટલના ડિરેક્ટર ડૉ. પ્રતાપસિંહ સોલંકીએ જણાવ્યું હતું. પિંકાથોનનો મૂળ વિચાર મહિલાઓને ઘર અને પરિવારની જવાબદારીઓ વચ્ચે પોતાના અંગત શારીરિક સ્વાસ્થ્ય માટે સમય ફાળવતી કરવાનો તેમજ સ્તન કેન્સર સામે સાવચેતી, નિયમિત તપાસ અને વહેલા નિદાનનો અવાજ બુલંદ કરવાનો હતો. આ મહાઅભિયાન અંતર્ગત સમગ્ર સમાજને "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર"નો પ્રબળ સંદેશ આપવામાં આવ્યો હતો, જેમાં જામનગર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાંથી મહિલાઓ, ગૃહિણીઓ, મહિલા તબીબો અને વિવિધ ક્ષેત્રની અગ્રણી બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી એક શક્તિશાળી સામાજિક એકતાનું જીવંત પ્રતીક પૂરું પાડ્યું હતું.

આયુષ હોસ્પિટલ સંકુલ ખાતે યોજાયેલા મુખ્ય કાર્યક્રમ અને વિશાળ જાગૃતિ સભાનું સૌથી પ્રેરણાદાયી અને ભાવનાત્મક પાસું 'કેન્સર વિજેતાઓનું સન્માન' રહ્યું હતું. જે મહિલાઓએ અડગ મનોબળ, પરિવારના અતૂટ સાથ અને યોગ્ય તબીબી સારવારના આધારે બ્રેસ્ટ કેન્સરની ગંભીર બીમારી સામે વિજય મેળવ્યો છે, તે તમામ ફાઈટર્સનું જાહેર મંચ પરથી વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. આ સન્માને હાલમાં કેન્સર સામે લડી રહેલા અન્ય દર્દીઓ અને તેમના પરિવારોમાં હિંમત, હકારાત્મક ઉર્જા અને

### કેન્સર વિજેતાઓનું સન્માન

નવો આત્મવિશ્વાસ ભરવાનું કામ કર્યું હતું.

સન્માન સમારોહ દરમિયાન આયુષ હોસ્પિટલની અનુભવી કેન્સર કેર ટીમ દ્વારા ઉપસ્થિત તમામ મહિલાઓને સ્તનમાં કોઈપણ પ્રકારની ગાંઠ, દુખાવો, આકાર કે ત્વચાના રંગમાં ફેરફાર અથવા અસામાન્ય સ્ત્રાવ જેવા શરૂઆતી લક્ષણો દેખાય ત્યારે સહેજ પણ સંકોચ રાખ્યા વિના તાત્કાલિક મેડિકલ તપાસ કરાવવાની સલાહ અપાઈ હતી. ખાસ કરીને ૪૦ વર્ષથી વધુ વય ધરાવતી મહિલાઓ માટે દર વર્ષે નિયમિત મેમોગ્રાફી તપાસ શા માટે અનિવાર્ય છે તેની વિસ્તૃત ચર્ચા અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આયુષ

### અદ્યતન કેન્સર સારવાર

હોસ્પિટલના ડિરેક્ટર અને ગાયનેક કેન્સર સ્પેશિયાલિસ્ટ ડૉ. પ્રતાપસિંહ સોલંકીના માર્ગદર્શન હેઠળ બ્રેસ્ટ કેન્સરની તમામ અદ્યતન સારવાર એક જ છત હેઠળ કાર્યરત છે. જેમાં IMRT અને 3D-CRT જેવી અત્યાધુનિક રેડિયેશન પદ્ધતિથી સામાન્ય તંદુરસ્ત કોષોને સહેજ પણ નુકસાન પહોંચાડ્યા વિના સીધા કેન્સરગ્રસ્ત કોષો પર સચોટ શેક આપવામાં આવે છે. ઉપરાંત દર્દીની શારીરિક ક્ષમતા મુજબ આધુનિક કિમોથેરાપી ડોઝ તેમજ મોડ્યુલર ઓપરેશન થિયેટરમાં નિષ્ણાત સર્જનો દ્વારા ટ્યુમર રિમૂવલની ઉચ્ચસ્તરીય વ્યવસ્થા ઉપલબ્ધ છે.




### PMJAY હેઠળ નિઃશુલ્ક સારવાર

બ્રેસ્ટ કેન્સરના દર્દીઓ માટે ડૉ. શુભોજીત દત્તા અને તેમની ટીમ દ્વારા આયુષ હોસ્પિટલ ખાતે કેન્સરની તમામ તપાસ, રેડિયેશન થેરાપી, કિમોથેરાપી અને જટિલ ઓપરેશનો સરકારશ્રીની PMJAY (આયુષ્માન કાર્ડ) હેઠળ જરૂરિયાતમંદ દર્દીઓ માટે સંપૂર્ણપણે નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે, જેથી કોઈપણ દર્દી આર્થિક સંકડામણના કારણે સારવારથી વંચિત ન રહે.

**આ ઐતિહાસિક પિંકાથોન મહાઅભિયાનમાં દર્દીઓ અને તેમના સગવાહલાઓ ઉપસ્થિત રહી સ્તન કેન્સર મુક્ત સમાજના નિર્માણમાં યોગદાન આપવા બદલ આયુષ હોસ્પિટલ મેનેજમેન્ટે જામનગરના સમસ્ત નાગરિકો, સહભાગી બહેનો, તબીબો અને સામાજિક સંગઠનો પ્રત્યે હદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરી હતી.**

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com